**<u>૩</u>**
**<u>મહેરબાન અરવલ્લી જીલ્લાના</u>**
**<u>એડીશ્નલ સેશન્સ જજશ્રી અને સ્પે.જજ (એન.ડી.પી.એસ.)ની કોર્ટ સમક્ષ</u>**
**<u>મુ. મોડાસા, જી. અરવલ્લી.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૩૭૫/૨૦૨૬**

**આંક–**

**<u>અરજદારઃ–</u>**

સોહનલાલ સ/ઓ સદરામભાઈ પુનારામ બિશ્નોઈ,
ઉં.વ.આ.૨૬, ધંધોઃ – મજુરી
રહેવાસીઃ–રાણાસર, તા.ગુડામાલનગર, જી.બાડમેર (રાજસ્થાન)

વિરૂદ્ધ

**સામાવાળા.**

ધી સ્ટેટ ઓફ ગુજરાત ...

---

- અરજદાર તરફે એલ.એ.ડી.સી.વિ.વ.શ્રી એ.એ.શેખ
- સામાવાળા તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ

---

**<u>–।। હુકમ ।।–</u>**

**૧.** હાલની અરજી અરજદાર/આરોપીનાઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા સારૂ આપેલ છે.

**૨.** અરજદાર/આરોપી વિરૂદ્ધ **માલપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર – ૧૧૧૮૮૦૦ ૬૨૫૦૪૯૬/૨૦૨૫ થી એન.ડી.પી.એસ. એક્ટ ની કલમ–૮(સી),૧૫(સી), ૨૨(સી), ૨૯ તથા બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧), ૨૮૧, ૩૨૪(૩), ૫૪, ૩૩૬(૨), ૩૩૬(૪), ૩૩૮, ૩૪૦(૨) તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭,૧૮૪ તથા હથિયાર ધારા કલમ–૨૫(૧)(એ), ૨૭(૧) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫** મુજબનો ગુનો દાખલ થયેલ છે.

૩. હાલની જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢતા સામાવાળા તરફે વિ.પ્રોસીક્યુટરશ્રી ડી.એસ.પટેલ હાજર થયેલ છે અને એન.ડી.પી.એસ. કેસ નંબર :- ૧૦/૨૦૨૫ નું રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી દ્વારા આંક-૦૭ થી રજુ થયેલ સોગંદનામુ ધ્યાને લીધું.

૪. **અરજદારના એલ.એ.ડી.સી. વિ.વ.શ્રી એ.એ.શેખનાઓએ મુખ્યત્વે પોતાની મુળ અરજીની હકીકતોનું પુન: ઉચ્ચારણ કરી રજુઆત કરેલ છે કે,** અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે તેમજ હાલના બનાવ બાબતે કાઈ જાણતા નથી તેમ છતાં પોલીસે અટક કરેલ હોય હાલમાં જયુડીશીયલ કસ્ટડીમાં છે તેમજ અરજદાર/આરોપી સામે દ્વેશભાવ રાખી હાલની ફરીયાદ કરેલ છે. અરજદાર/આરોપી ગરીબ માણસ છે, મજુરી કામ કરી પોતાના પરીવારનું ભરણપોષણ કરે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, સ્થાવર તથા જંગમ મિલકતો ધરાવે છે અને અરજદાર/આરોપીનો કોઇ ગુનાહીત ઈતિહાસ નથી અને નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા, તપાસના કામે સહકાર આપવા અને જામીન આપવા તૈયાર છે.તેથી અરજીની હકીકત અને કેસનાં સંજોગો ધ્યાને લઇ જામીન પર મુક્ત કરવા જણાવેલ છે.

૫. **સામાવાળા સરકાર તરફે વિ.પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ નાઓએ ફરીયાદીની ફરીયાદ હકીકતને ધ્યાને લઇ એવી રજુઆત છે કે,** આ કામના અરજદાર/આરોપી સામે વગર પાસ પરમીટે અને ગેરકાયદેસર રીતે કેફી માદક પદાર્થનો ૪૩૭.૦૪ કિ.ગ્રા કિ.રૂ.૧૩,૧૨,૨૦૦/- જેટલી માતબર રકમના મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ હોવાની હકીકતના આધારે ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે અને આ ગુના બાબતે જરૂરી તમામ તપાસ થઈ અને ચાર્જશીટ કરવામાં આવેલ છે જેનો સ્પે.કેસ(એન.ડી.પી.એસ.) નંબર:- ૧૦/૨૦૨૫ થી ચાલી રહેલ છે. ત્યારે આ કામે આરોપી દ્વારા હાલનો મુદ્દામાલ હેરફેર કરતી વખતે જે કૃત્ય કરેલ છે તેને ધ્યાને લેતા બંદુક જેવા હથિયારથી પોલીસ પર ફાયરીંગ પણ કરેલ છે. ત્યારે આવા ગંભીર પ્રકારના આરોપીને હાલની કાયદાકીય જોગવાઇ અનુસંધાને મુકત કરવો ન્યાયોચીત ન હોય જેથી ગુન્હાની ગંભીરતાને ધ્યાને લેતા જામીન અરજી રદ્દ થવાને પાત્ર છે.

૬. તમામ પક્ષકારોની રજુઆતો, જામીન અરજીની હકીકત તથા સ્પે. કેસ (એન.ડી.પી.એસ.) નંબર-૧૦/૨૦૨૫ ના કામનું રેકર્ડ ધ્યાને લીધું તથા તપાસના કાગળો તથા કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, જામીન અરજીનો નિર્ણય કરતી વખતે

પુરાવાનો પુર્ણાત્મક અભ્યાસ કરવાનો કે પુરાવાના ગુણદોષને વિચારણામાં લેવાના રહેતા નથી અને માત્ર ફરિયાદ તથા પોલીસ પેપર્સને આધારે કરેલ ચાર્જશીટ પર નિર્ણય કરવાનો રહે છે. ઉપરોકત કેસ કાગળો વંચાણે લેતા એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે આ કામના આરોપી સામે ૪૩૭.૦૪ કિ.ગ્રા ગાંજાની હેરાફેરી કરતા પોલીસ દ્ધારા અટક કરવામાં આવેલ છે તેમજ બનાવ સમયે હાલના આરોપી સાથે અન્ય આરોપીઓ પણ ત્યાંથી ભાગી ગયેલા છે જે હાલ સુધી મળી આવેલા નથી. તેમજ આક્ષેપિત ગુનામાં આરોપીઓ દ્ધારા પોલીસ પર ફાયરીંગ પણ કરવામાં આવેલ છે તેમજ જે વાહનમાં આ મુદ્દામાલ હેરફેર કરવામાં આવતો હતો તે વાહનના નંબર પણ સાચા જણાયેલ નથી અને આ આરોપી દ્ધારા જે ગુનાહીત માનસના આધારે જે આ ગુનો કરેલ છે તેની ગંભીરતા ધ્યાને લેતા આરોપીને અત્રેની અદાલતમાંથી જામીન મુકત કરવો ન્યાયી અને ઉચીત જણાઇ આવતું નથી.

**૭.** આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા અરજદારની અરજી ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી ત્યારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયેની અરજદારની હાલની અરજી રદ્દ કરવામાં ન્યાયનું હિત જણાઇ આવતું હોય, હાલની અરજી રદ્દ કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-॥ FINAL ORDER ॥-**

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયેની હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી **"નામંજુર"** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫ મી માહે-માર્ચ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૩/૨૦૨૬
સ્થળઃ- મોડાસા.

**(સુનિલ મનહરભાઇ કામદાર)**
સ્પેશીયલ જજ (એન.ડી.પી.એસ.)
મોડાસા-અરવલ્લી
જીજે. ૦૦૯૮૪

જે.બી.રાઠોડ